# દિવ્ય ભાસ્કર

Date: 09 July, 2018 (City Bhaskar, Vadodara Edition)

સયાજી સ્ટાર્ટ સમિટમાં યંગ કન્ટ્રિબ્યુટર સમિટ યોજાઈ, દેશભરની 31 ટીમોનું ગ્લોબલ કાર્ય માટે સન્માન કરવામાં આવ્યું

# મસ્તીની ઉંમરમાં સમાજ સુધારવા ખુદને ઝોંકનાર યુવાનો નવાજાયા

Startup Summit

સિટી રિપોર્ટર . વડોદરા | સયાજી સ્ટાર્ટ સમિટ 2018માં રવિવારે યંગ કન્ટ્રિબ્યુટર સમિટનું આયોજન કરાયું હતું. જેમાં દેશભરની 31 ટીમોનું સન્માન કરવામાં આવ્યું હતું. 30 વર્ષથી નીચેના લોકો કે જેઓ સોસાયટીના ઉત્થાન માટે મહત્વનો ફાળો આપી રહ્યા છે તેઓને પ્રમાણપત્ર આપીને સન્માનવામાં આવ્યા હતા. યંગ સ્ટાર્ટઅપ સમિટમાં પુરુષોત્તમ રૂપાલાના વીડિયો મેસેજથી સમિટનું ઈનોગ્રેશન કરવામાં આવ્યું હતું. આવેલી 31 ટીમમાં કેટલાક લોકો ગ્રૂપમાં હતા તો કેટલાંકે ગ્રૂપનું પ્રતિનિધિત્વ કરતાં સન્માનનો સ્વિકાર કર્યો હતો. સમાજ સુધારણા માટે નાની વયમાં આપેલા યોગદાન બદલ તમામનું સન્માન કરાયું હતું. જેમના કાર્યને ઉપસ્થિત મહેમાનો અને એજ્યુકેશન એક્સપર્ટ્સ દ્વારા ભારે પ્રસંશિત કરાયા હતા.

## કોઈ દિવ્યાંગ હોવા છતાં જોઈ શકતા સમાજને સુધારે છે તો કેટલાંક અમદાવાદ, વડોદરા સહિતનાં શહેરોના હેરિટેજ માટે કાર્ય કરે છે

### દેશની હેરિટેજ બ્રિગેડ | પાવાગઢ-ચાંપાનેરને સુંદર બનાવી તેનું ડોક્યુમેન્ટેશન કરશે યુવાનો

અમદાવાદનું એક્ઝિલીર ફાઉન્ડેશન હેરિટેજની જાળવણી માટે છેલ્લા દોઢ વર્ષથી કાર્યરત છે. યુનેસ્કો દ્વારા વર્લ્ડ હેરિટેજ ઈનીશીયેટીવ માટે વિશ્વની 46 ઓર્ગાનાઈઝેશનની પસંદગી કરવામાં આવી છે. જેમાં એક્ઝિલીર ફાઉન્ડેશનની પસંદગી ભારત માટે કરવામાં આવી છે. ભારતની 4 હેરિટેજ સાઈટ રાણીકી વાવ, ચાંપાનેર-પાવાગઢ, વિક્ટોરિયા પાર્ક અને અમદાવાદની કેટલીક હેરિટેજ સાઈટોની પસંદગી બ્યૂટીફિકેશન અને ડોક્યુમેન્ટેશન માટે કરવામાં આવી છે. જેમાં આવનારા ઓગસ્ટમાં ચાંપાનેર-પાવાગઢની સાઈટ પર યુવાનો કામ શરૂ કરશે. ચાંપાનેર-પાવાગઢમાં હેરિટેજ વોક, હેરિટેજ ક્લાસ, હેરિટેજ કોન્ફરન્સ, ટુર, કલ્ચરલ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવશે. ઉપરાંત ક્લીનીલેસ



ડ્રાઈવ જેવા કાર્યક્રમો અને ડોક્યુમેન્ટેશન પણ થશે. ગ્રૂપના ફાઉન્ડર માધીશ પરીખના જણાવ્યા અનુસાર દેશભરમાંથી ગ્રૂપમાં 1 હજાર કરતા વધુ વિદ્યાર્થીઓ જોડાયા છે. આ તમામ લોકો મળીને દેશ અને રાજ્યના હેરિટેજને સંવારશે.

### 4 હજાર શહીદોના પરિવારોને ટપાલ લખી

કારગિલ યુદ્ધમાં શહીદો વિશેના સમાચારમાં શહીદના પિતાએ કહ્યુ કે, 'બેટા ગયા તો ક્યા હુઆ, વતનનો સલામત હૈ'. આ શબ્દોએ મને જગાડ્યો. એક વર્ષ પછી મેં શહેરમાં શ્રદ્ધાંજલિનો કાર્યક્રમ યોજ્યો. જેમાં મારા સિવાય કોઈ ન હતું. પછી મેં શહીદોના પરિવારોને પત્ર લખી તેમની સાથે કોઈ છે તેવી લાગણી આપવાનો પ્રયાસ કર્યો. 19 વર્ષમાં 4 હજારથી વધુ પત્રો લખ્યા છે. ટપાલમાં 35 પૈસાનો ભાવ વધારો ન થાય તેવો પત્ર મેં PMને લખ્યો છે. તેમ સુરતમાં સિક્યુરીટી ગાર્ડની નોકરી કરતા સમિટના મહેમાન જીતેન્દ્ર સિંહ ગુર્જરે જણાવ્યું હતું.



જીતેન્દ્રસિંહ ગુર્જર

### દિવ્યાંગ યુવતીનાં કાર્યોનું સન્માન

અમદાવાદની કલગી રાવલ સુગમ્ય ભારત અભિયાન એક્સેસીબલ ઈન્ડિયા કેમ્પેઈનની બ્રાન્ડ એમ્બેસેડર છે. 22 વર્ષીય કલગી દિવ્યાંગ છે અને દિવ્યાંગો માટે એનજીઓ ચલાવી રહી છે. તાજેતરમાં કલગીએ દિવ્યાંગો માટે એવોર્ડનું આયોજન કર્યું હતું અને વિવિધ કેટેગરીમાં 20થી વધુ દિવ્યાંગોને એવોર્ડ આપ્યા હતા. 15 વોલીયન્ટર્સથી ચાલતા એનજીઓ સાથે 500થી વધુ લોકો જોડાયા છે. તે એક્સેસીબલ ઈન્ડિયા માટે કાર્ય કરી રહ્યા છે. કલગીને ઉત્કૃષ્ટ કાર્ય બદલ તેને નવાજાઈ હતી.



કલગી રાવલ

### ટ્રાફિક, રમતો અને પક્ષીઓની ચિંતા કરે છે

બાળકો પર મોબાઈલ અને વિડીયો ગેમમાં વ્યસ્ત રહેવાનો આક્ષેપ થતો હોય છે, ત્યારે વેદાંત ઠાકર બાળ ટોળીની સાથે વડોદરાના મેયરને પ્લે ગ્રાઉન્ડ અભિયાન અંતર્ગત મળવા પહોંચી જાય છે. શહેરના ટ્રાફિકની સમસ્યા હોય ત્યારે વૈકલ્પિક ટ્રાન્સપોર્ટ સિસ્ટમ જ તેનો ઉકેલ છે તે વાતને લઈને VC અને પોલીસ કમિશનર સુધી સાયકલ, બસ અથવા ચાલતા આ યુવાન પહોંચી જાય છે. ઉત્તરાયણનો પર્વ પણ બાળકોને સાથે લઈને પક્ષીઓની સેવા કરે છે. તે માટે તેને નવાજવામાં આવ્યો હતો.



વેદાંત ઠાકર

### ગરીબોને કોમ્પિટિટિવ એક્ઝામની તૈયારી

જોધપુરના મુકુલ જાંગિડ દ્વારા ટીમ દાયિત્વ શરૂ કરવામાં આવી છે. IITRAMના વિદ્યાર્થીઓ દ્વારા શરૂ કરવામાં આવેલા ટીમ દાયિત્વમાં સ્ટુડન્ટ્સ દ્વારા અન્ડરપ્રિવેલેજ બાળકોને કોમ્પિટિટિવ પરીક્ષાઓ માટે તૈયાર કરે છે. મુકુલ જાંગિડના જણાવ્યા અનુસાર શનિ-રવિવાર બે દિવસો અમે ફ્રી રહેતા હતા. તે સમયનો સદ્ઉપયોગ કરવાનું નક્કી કર્યું હતું. અને બાળકોને ભણાવવાનું નક્કી કર્યું હતું. બાળકો કોમ્પિટિટિવ પરીક્ષા માટે અને વિવિધ ઓલિમ્પિયાડ માટે તૈયાર થઈ રહ્યા છે.



મુકુલ જાંગિડ